SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 54. ઉત્તર ગુજરાતી ભવાઈ કલા

જાદવ દિવ્યાબેન પ્રવીણભાઈ

ગુજરાતના લોકનાટ્યનો ઈતિહાસ સેંકડો વર્ષ જુનો ગણી શકાય પ્રાચીન નૃત્ય - નાટકોના નમૂનારૂપે ભવૈયાઓની ફરતી ટુકડીઓ ગામે ગામે ભવાઈ કરતી ક્યારેક તેમનાં અનુકરનો ખુબ પ્રાણવાન થતાં પરંતુ પાછળથી તે બીભત્સ અને બેહુદા બનતા ગયાં ભવાઈ શબ્દ સંસ્કૃતના ‘ભવ’ માંથી ઉદભવ્યો છે. એમાં સામાન્યત: લોકોના સમાજ જીવનની ઘટનાઓનું નિરૂપણ મુખ્યત્વે કટાક્ષ, હાસ્ય અને ફારસના લઢણથી થતું એ વેશો એક પછી એક ફારસના લઢાણથી થતું એ વેશો એક પછી એક વચ્ચે થોડા વિરામ સાથે, હારમાળામાં ભજવાતા અને રાતભર ચાલતા ભવાઈ કોઈ માતાની એટલે કે દેવીની પૂજા અને ગણેશની પૂજવી પ્રારંભ ક્રમે ક્રમે અન્ય વેશોથી આગળ વધતી જેના દ્વારા પ્રજાને ધાર્મિક જ્ઞાન સાથે મનોરંજન મળતું આ વેશ ભજવનારાઓના ઉત્તર ગુજરાતમાંથી આવતા અભિનયકળા એમને પેઢી દર પેઢી વરસામાં મળતી કેટલાક ભવાઈ વેશોની પરંપરા પાંચસો = છસો વર્ષ જૂની હોવાનું જાણવા મળે છે. એમાં સ્ત્રીઓમાં પાઠ પુરુષો જ ભજવતા ૧૯ મી સદીના અંત ભાગમાં આ ભવાઈનું અધ: પતન થયું એ પહેલા ગુજરાતના લોકજીવનમાં ભવાઈ એ ખુબ મહત્વનું સ્થાન મેળવ્યું હતું. એ ભવાઈ વિષે થોડી વિસ્તૃત માહિતી મેળવીએ.

- **ભવાઈ :**

ભવાઈ એ નૃત્યનાટયનો ગુજરાતી પ્રકાર છે. મહારાષ્ટ્રમાં તમાળો’ ઉત્તર પ્રદેશમાં’નવટંકી’ બંગાળમાં ‘જાત્રા’ પંજાબ-હરિયાણામાં ‘સ્વાંગ’, આંધ્રમાં ‘યક્ષજ્ઞાન’ ને તામિલનાડુમાં તેરીકુંટું’ ને કઈક અંશ કેરળમાં ચાક્યાર ની જેમ ભવાઈ’ એ ગુજરાતનો વિશિષ્ટ લોકનાટ્ય પ્રકાર છે. તેની ચોક્કસ પરંપરા સ્થપાઈ છે. ભવાઈના પ્રદર્શનમાં નૃતા, રીત અને અભિનય એ ત્રણેનો અનોખો સંગમ જોવા મળે છે.

ભવાઈની પરંપરાઓ આધપિતા અસાઈત ગણાય છે. મનાય છે કે અલ્લાઊદીનના સૈન્યે સિધ્ધપુર પર ચઢાઈ કરી ત્યારે પોતાને ત્યાં મહેમાન થઈ આવેલી પાટીદાર ત્યજમાન કન્યાને પોતાની પુત્રી ગણાવી બચાવવાના પ્રયત્નને પરિણામે ઊઝાના આ શ્રીમાળી બ્રાહ્મણે બ્રાહ્મણ જ્ઞાતિને છોડવી પડી, એટલે યજમાન પટેલોએ તેને આજીવિકા અર્થે વર્ષાસન બાંધી આપ્યું. તો અમાઇતે પોતે સંગીતાદિ કલામાં પ્રવિણ હોવાથી, લોકશિક્ષણ અને લોકરંજનનાં લક્ષ્યને સંયુક્ત કરી પોતાના ત્રણ પુત્રોની સહાયથી ભવાઈના પ્રયોગો કરવાનું શરૂ કર્યું. તેના ત્રણ પુત્રોના ત્રણ ઘરની ન્યાત “ત્રાગાળા’ના નામે જાણીતી થઈ અને તેમણે આજ સુધી લોકભવાઈની પરંપરા જાળવી છે. એટલું જ નહિ પણ આ ક્ષેત્રમાં ઉત્તમ કલાકારો આપ્યા છે.

ભવાઈમાં સામાન્ય લોકસમાજને સમજાય ને ગમે એવા લોકભોગ્ય વિષયો નાટયરૂપે રજૂ થતાં તેમાં કાળીકા’ના વેશ જેવા ધાર્મિક વેશ પણ હોય છે. ‘શંકર- ભીલડી’, ‘તાડકા’, ‘રામલક્ષ્મણ’, ‘વામન-બલી’, ‘કાન-ગોપી જેવા પૌરાણિક વેશ હોય, ‘જસમા-ઓડણ’, ‘શૂરો રાઠોડ’, ’રામદેવપીર’ જેવા ઐતિહાસિક અર્ધમેતિહાસિક-દંતકથાત્મક વેશ હોય, તેમજ ‘જુઠણ’, ‘છેલબટાઉ’, ’કજોડો’, ’ભગતાણી’, ’ઝંડા ઝુલણ’, ’મીયાં બીબી’, બજાણીયો’, ’દરજી’, ’સરાણિયો’ જેવા સામાજિક વેશ પણ હોય છે.

ભવાઈમાં શ્રી-પુરુષોના બધા પ્રકારનાં પાત્રો પડયો જ કરે તેથી પરંપરા છે. આ અભિનેતાઓ થોડીક એક-અપ કરીને માત્ર પાત્ર ઓળખાય તેવા સુચક વેશ પહેરીને રંગમાં ઊતરે છે. તેની પાછળ, તેને વાસ્તવિક કરવાની બહુ જહેમત કે ઝીણવટ નથી હોતી. કેટલાંક પ્રસિદ્ધ પાત્રોના પોશાકનાં લક્ષણો ટોપી-છત્રી વગેરે નિશ્ચિત થઈ ગયાં હોય છે. એટલે પ્રેક્ષકો તરત જ તેને પિછાની લે છે. માત્ર મશાલને પછીથી કિટસન લાઈટને અને હવે વીજળીના દીવાઓને અજવાળે પણ કશી ખાસ પ્રકાશ યોજના વિના ભજવતા અનેક સંગીતક તરીકે ભૂંગળ, તબલા કે કાંસીજોડા જ સાથ લેતા આ પ્રયોગો, આપ ઉપકરણો કે સાધનો અને કશી પણ રંગસજ્જાની સહાય વગર જ ભજવતા હોઈ તેમાં અભિનય જ મુખ્ય આધાર બની જાય છે.

ભવાઈનો આરંભ ભુંગળવાદનથી થાય છે. ભુંગળ વિશિષ્ટ લોકવાધ છે. તેની જુદા જુદા પ્રકારની ભજવણીથી દુરથી પણ જાણકાર કયો વેશ કે કયો પ્રસંગ ભજવાય છે તે કહી શકે. ભવાઈનું એ આવશ્યક અંગ છે. ભવાઈની શરૂઆત ગણેશ, માતાજી વગેરેની સ્તુતિથી થાય છે. માઁ આગળ થાળી રાખીને અભિનેતા ગણેશનું પાત્ર કરે છે. પાત્રો પ્રવેશ કરે ત્યારે ચોક્કસ પ્રકારનાં તાલબદ્ધ નૃત્ય ગતિવાળા: પગલાનાં

વર્તુળમાં ફરે છે. તેને આપણું કહે છે. પાછી સંવાદ કરતાં અભિનય કરતા, નાચતા, ગાતા વેશ ભજવાય છે. ગીતને ભજવૈયાઓ સાથે ગનારાઓ પણ ઉપાડી લે છે.

ભવાઈ આધશક્તિની આરધના માટે યોજાઈ હશે. ભારતીય સંસ્કૃતિમાં વિઘ્નહર્તા ગણપતિની સ્તુતિ પાછી શુભકાર્યની શરૂઆત થાય છે, એટલે

દુદાળો દુ:ખભંજનો સદાય વાલે વેશ ।
અવસર પેલો સમરિયે, ગવરી પુત્ર ગણેશ !
અને ................. પછી....................
ભવાઈ કરીએ ભક્તિથી અંબા મોર ઈશ ?
ઓછું ઓછું બોલીએ. તે રખે ધરો તમે રીસ ॥

આમ, અંબાજીની સ્તુતિ પછી જે કોઈ વેશ કે વાત હોય તે રંગલા-રંગલીના વેશથી શરૂ થાય છે.

ભવાઈમાં સામાન્ય રીતે બધા રસનો સમાવેશ થાય છે. પણ પ્રધાનપણે શૃંગાર તેમજ હાસ્યરસ દેખા દે છે. ભવાઈનો પ્રેક્ષકવર્ગ સામાન્ય રીતે ગામડાનો હોઈ તેની ભાષા અને વાત કે વાતોની ગૂંથણી વધુ અટપટી ન રહેતાં સરળ હોય છે. મુખ્ય ઉદેશ જનરંજન હોઈ કળાની ટેકનિકમાં પણ છૂટછાટ લેવાની હોય છે.

આ ભવાઈ પ્રકારને સાચવી રાખવાનો યશ 'ભવૈયા' (ભોજક) ને ફાળે જાય છે. ભોજકની વસ્તી ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં છે. ભવાઈ મંડળીના નેતા નાયક તરીકે ઓળખાય છે. ઉત્તર ગુજરાતનું પ્રાચીન નામ આનર્ત છે. આનર્ત શબ્દ મૃત સાથે. સંબંધિત છે. આમ આનાર્તને નર્તકો નટોના પ્રદેશ કહીએ તો અજુગતું નહિ જ કહેવાય. ગુજરાતની રંગભૂમિનાં ઘણાં નટો, સંગીતકારો, ગાયકો, વાદકોની જન્મભૂમિ આ ઉત્તર ગુજરાત છે.

**સંદર્ભગ્રંથો :**

(૧) ભવાઈ: સ્વરૂપ અને લક્ષણો - કૃષ્ણકાંત કડકીયા પ્રકાશક:- મહાજન સયાજીરાવ યુનિ. ઓફ બરોડા આવૃત્તિ: - ૧૯૯૬.

(૨) આપણું લોકનાટ્ય ભવાઈ - જયમલ્લ પરમાર પ્રકાશક:- પ્રવીણ પ્રકાશન આવૃત્તિ: - ૨૦૧૭.